SAMVAD E-JOURNAL
ISSN (Online) :2583-8334
(International Peer-Reviewed Refereed Journal) Volume 3, Issue-5, Oct-Nov-Dec : 2025
Published by Rangmati Publication https://www.rangmatipublication.com

# ઘોડિયા સમાજમાં – સામાજિક અને શૈક્ષણિક પરિવર્તન

*ડૉ. વિમળાબેન એમ. ચૌહાણ*

***પરિચય :***

*ભારતીય સમાજ અને સંસ્કૃતિના નિર્માણમાં આદિવાસી સંસ્કૃતિનું મહત્વપૂર્ણ યોગદાન છે. જો કે આદિવાસી સમુહોને આપણા રાષ્ટ્રના સૌથી વધુ પછાત વર્ગમાં રાખવામાં આવે છે. વિશ્વમાં આદિવાસીઓના વિતરણની દ્રષ્ટીએ ભારતમાં આદિવાસીઓની સંખ્યા કોઈપણ રાષ્ટ્ર કરતા સર્વોધિક છે. આદિવાસીઓને ભારતીય સમાજમાં વિવિધ નામોથી નવાજવામાં આવ્યા છે. માનવશાસ્ત્રીઓએ પણ આદિવાસી માટે વિભિન્ન નામોનો ઉપયોગ કર્યો છે. માનવશાસ્ત્રીઓ વન્યજતી કે વનવાસી, ગીરીજન, જેવા નામથી ઓળખાવે છે. રીઝલે, રોબર્ટ, માર્ટીન, અમૃતલાલ ઠક્કર વગેરેએ એમને આદિવાસીના નામથી ઓળખાવ્યા છે. શ્રી સદા ધૂર્ય પછાત હિન્દુનું નામ આપ્યું. ભારતીય બંધારણમાં તેમને અનુસૂચિત જનજાતિ તરીકે ઓળખવામાં આવે છે.*

*આદિવાસી સમાજ માટે સરકાર દ્વારા અને સ્વૈચ્છીક સંગઠનો દ્વારા અનેક પ્રત્યાનોના પરિણામે એમના સમાજમાં ઘણું પરિવર્તન આવ્યું છે. કાયદા, શહેરીકરણ, ઔધોગિકરણ, શિક્ષણ જેવા પરિબળો દ્વારા પણ અનેક રીતે પરિવર્તન જોવા મળે છે.*

*- ઈમ્પિરિયલ ગેઝેટિયર.*

*“આદિવાસી કેટલાક જાતી એ નિશ્ચિત બોલી અને નિશ્ચિત સાંસ્કૃતિક સંવાદિત” ધરાવતો સામાજિક સમૂહ છે કે જે સમાન સામાજિક સંગઠન ધરાવે છે. તેમનામાં ગોત્રો અને ગામડાઓના અનેક ઉપસમુહોનો સમાવેશ થાય છે. સામાન્ય રીતે આદિવાસીમાં એક નેતા હોય છે તેમજ એક સર્વ સામાન્ય પૂર્વજ અને રક્ષક દેવ હોય છે. કુટુંબો અથવા નાના સમુદાયો કે જે આદિવાસી જાતી સર્જે છે તેઓ આર્થિક ધાર્મિક કૌટુંબિક અને લોહીના સંબંધ દ્વારા ગૂંફિત હોય છે.”*

*- ડિક્શનેરી ઓફ અન્થ્રોપોલોજી.*

**ઘોડિયા જાતિમાં સામાજિક પરિવર્તન**

આ જાતી તાપી થી વાપી સુધીના વિસ્તારમાં પથરાયેલી છે. ગુજરાતમાં અને વલસાડ જીલ્લામાં તેમની વસ્તી વધારે છે. આ જાતી નો મૂળ વસવાટ ધૂળિયા હશે યા મુસલમાનોન આક્રમણથી બચવા આ લોકો ભાગી છૂટ્યા હશે. કુદરતી આપત્તિઓ અને વારંવાર ના દુષ્કાળને કારણે તેઓ ભાગી છૂટ્યા હશે અથવા દક્ષિણ ગુજરાત તરફ સ્થળાંતર કર્યું હશે એટલે ઘોડિયા કહેવાયા. ધૂળિયા જીલ્લામાં પણ ઘોડિયાની વસ્તી જોવા મળે છે. જે આ વાતને સમર્થન આપે છે. ધૂર શબ્દ પરથી ઘોડિયા જાતિનું નામ પડ્યું હશે એમ મનાય છે. આ જાતિની ઉત્પત્તિ યાદવ કુલ હોવાનું મનાય છે કેટલિક દંત કથાઓ આ વાતની સાક્ષી પૂરે છે.

**ભાષા (બોલી)**

આ જાતી ઘોડિયા બોલી બોલે છે. તેની ભાષામાં મારાથી ભાષાની અસર વધારે જોવા મળે છે. તેઓ પોતાની બોલીમાં વાતચિત કરે છે. વર્તમાન સમાજમાં શિક્ષણ લઇ આગળ આવેલા લોકો હવે ગુજરાતી ભાષા બોલે છે. પહેલા લગ્ન જવા પ્રસંગોએ પોતાની બોલીમાં લોકગીત, લગ્નગીત ગવાતા હવે તેમાં પરિવર્તન આવ્યું છે. હવે તેઓ લગ્નગીતો પણ ગુજરાતમાં ગાય છે.

**કુટુંબપ્રથા**

ઘોડિયા જાતિમાં સંયુક્ત અને વિભક્ત કુટુંબ પ્રથા જોવા મળે છે. લગ્ન થા બાદ પુત્ર-પિતા પાસેથી હિસ્સો લઇ જુદો પણ રહી શકે છે. વ્યવસાય અર્થે બહાર રહેલા કુટુંબો સંયુક્ત કુટુંબથી જુદા રહે છે. હવે વિભક્ત કુટુંબ પ્રથાનું પ્રમાણ વધારે જોવા મળે છે.

**કુલ પ્રથા**

આ સમાજમાં એક વિશિષ્ટતા એ જોવા મળે છે કે કુલપ્રથા છે. એને આપને જે ગોત્ર પ્રથા તરીકે ઓળખાવીએ છીએ. તેઓ સરખા કુળમાં લગ્ન કરતા નથી. સમાજમાં સરખા કુળ હોય તો લોહીનો સંબંધ છે. એમ માનવામાં આવે છે. લગ્ન નક્કી કરતી વખતે બંને પક્ષ પહેલા કુળ કયુ છે એ પૂછે છે. પછી જ વાત આગળ વધારે છે. કેટલીક વખત સમાજમાં એવું પણ બને છે કે છોકરો-છોકરી જાતે પસંદ કરી પ્રેમ લગ્ન કરીલે અને એમને કુળની ખાવર ન હોય એમાં સમયે થયેલા લગ્ન પણ ફોક કરી નાખે છે. ના થાય તો જે કુળનો છોકરો હોય તેને પોતાના કુળમાંથી કાઢી મૂકવામાં આવે છે. એમાં સમયે છોકરો બીજા કુળમાં જાય છે. કુળના નામ હોય છે. જેવા કે ગરાસિયા, વણઝારા, પારસી, મહેતા, બાવન ગરાસિયા વગેરે વર્તમાન સમયમાં પણ કુલ પંચનું મહત્વ વધારે જોવા મળે છે.

**લગ્ન પ્રથા**

તેઓમાં લગ્ન પહેલા પુખ્ત ઉમરે થતા અને એ વખતે લગ્ન મા-બાપ દ્વારા નક્કી કરવામાં આવતા હતા. છોકરા-છોકરી ને પસંદગી ની તક મળતી ન હતી. લાજ પ્રથા જોવા મળતી હતી. વર્તમાન સમયમાં લગ્ન બંને પાત્રની પસંદગીથી થાય છે. જો કે મા-બાપ દ્વારા પહેલા નક્કી થાય છે. પણ પસંદગીની તક છોકરા-છોકરીને અપાય છે. લગ્ન નક્કી કરવા માટે એક વ્યક્તિ બંને પક્ષે 'મધ્યસ્થી' તરીકે રહે છે. જેને આ લોકો 'વહતાળીયો' તરીકે ઓળખાવે છે. લગ્ન પૂરા થાય એટલે આ વ્યક્તિ બંને પક્ષ તરફથી કપડા ભેટમાં આપે છે. લગ્નમાં લેવડ-દેવડ બાબતમાં જોઈએ તો પહેલા ભણેલી છોકરી હોય, નોકરી કરતી હોય તો પાંચ હાજર કે દશ હાજર સુધી દહેજ લેતા હતા. અને અભણ હોય તો ૫૦ રૂ. કે ૧૫ રૂ. દહેજ લેતા હતા. વર્તમાન સમયમાં દહેજ લેવાતું નથી. હવે બંધ થઇ ગયું છે. પરંતુ છોકરી પી.ટી.સી. કરેલી હોય, નોકરી કરતી હોય, છોકરી ના મા-બાપની આર્થિક સ્થિતિ સારી ન હોય તો છોકરી પક્ષ તરફથી પાંચ કે દસ હજાર જેવા રૂપિયા લેવામાં આવે છે. બાકી અભણ છોકરી પાછળ કોઈ દહેજ લેવામાં આવતું નથી. કે સમાજ તરફથી કંઈ વસ્તુ કે કપડા પણ અપાતા ન હતા. હવે ઉચ્ચવર્ગનું અનુકરણ કરીને છોકરીને કન્યાદાન સ્વરૂપે વાસણો, ફર્નીચર, ઘરેણા વર તરફથી અને સગાસંબધી તરફથી અપાય છે. એ વાસણો કે ઘરેણા સગાને ત્યાં લગ્ન થાય ત્યારે એ છોકરીએ વાળવા પડે છે. હવે શિક્ષણને કારણે સ્વપસંદગી લગ્નનું પ્રમાણ વધ્યું છે. વર્તમાન સમયમાં છોકરીઓને ઉચ્ચ સમાજમાં પણ પરણાવવામાં આવે છે. તેઓ પૈસાની લાલચ આપીને છોકરીને લઇ જાય છે. લગ્ન વિધિમાં પહેલા બ્રાહ્મણ દ્વારા વિધિ થતી નહતી હવે બ્રાહ્મણ દ્વારા વિધિ કરવામાં આવે છે. પહેલા સાવ નજીવા ખર્ચેથી લગ્ન થઇ જતા હવે આધુનિકરણ પ્રવેશ્યું છે. ખાવાપીવામાં ઘણો ખર્ચ કરવા લાગ્યા છે. દેવું કરીને પણ કન્યાદાનમાં મોઘી ચીજ વસ્તુઓ આપવા લાગ્યા છે. છોકરીનું એક વખત લગ્ન થઇ જાય પછી માં-બાપ આખી જિંદગી કશું ના આપે તો પણ ચાલે. આ સમાજમાં ઘરમાં છોકરો ન હોય તો ઘરજમાઈ પ્રથા જોવા મળે છે. પહેલા સ્ત્રી પતિના ઘરે જાન લઈને જતી હતી હવે તેમાં પરિવર્તન આવ્યું છે. પુરૂષ જાન લઈને પત્નીના ઘરે આવે છે.

**મૃતક સંસ્કાર :**

પહેલા વ્યક્તિ મૃત્યુ પામે તો વિધિ બ્રાહ્મણ દ્વારા કરાવતા ન હતા. હવે તેઓ આ વિધિ કરાવવા માટે બ્રાહ્મણને બોલાવે છે. શબનો અગ્નિસંસ્કાર કરે છે. જુદા-જુદા સ્થળોએ જઈને શ્રાદ્ધ ક્રિયા પણ કરાવે છે. આ ઉપરાંત આ સમાજમાં પિતૃઓનું તર્પણ કરવાનો રિવાજ અલગ પ્રકારનો છે. મહા મહિનામાં આખા વર્ષ દરમિયાન વ્યક્તિઓ મૃત્યુ પામ્યા હોય તે બધા વ્યક્તિઓનું શ્રાદ્ધ ક્રિયા કરવામાં આવે છે. બધા કુલ ના સભ્યો ભેગા મળી નક્કી કરીલી જગ્યાએ આ ક્રિયા વિધિ કરે છે. જેમાં સભ્યો અમુક રૂપિયાનો ફાળો કરીને આ વિધિ ઉજવે છે. અને તેને 'પરજણ' વિધિ તરીકે ઓળખાવે છે. મહા મહિનામાં આ લોકો કોઈ શુભ કાર્ય કરતા નથી.

આ સમાજમાં ઘેટીયાનૃત્ય વખણાય છે. દિવાળીના તહેવારોમાં પુરૂષ સ્ત્રી ની ચોળી પહેરે અને માથે સદીનો સાફો બાંધે અને ધોતિયું પહેરીને ગરબા ગાય છે. પહેલા જેટલું પ્રમાણ હવે રહ્યું નથી. અમુક પ્રદેશમાં એ નૃત્ય નષ્ટ થવા લાગ્યું છે. પહેલા શિક્ષણ, વ્યવસાય અને રોજગારીના અભાવે પુરૂષો ઘરે રહેતા, હવે નોકરી ધંધાર્થે બહારગામ જતા હોવાથી આ પ્રથા ઘટવા લાગી. કેટલાક શિક્ષણ લીધેલા પુરૂષો હવે શરમ સંકોચ પણ અનુભવે છે.

**શિક્ષણની અસર :**

પહેલા આ સમાજમાં શિક્ષણનું પ્રમાણ નહીવત હતું. વર્તમાન સમયમાં શિક્ષણ થી ઘણું પરિવર્તન આવ્યું છે. લગભગ ૯૦ ટકા શિક્ષણ આ સમાજમાં જોવા મળે છે મા-બાપ પણ શિક્ષણનું મહત્વ સમજતા થયા છે. જ્યારથી પ્રાથમિક શિક્ષણ ફરજીયાત થયું છે, મધ્યાહન ભોજન યોજનાનો પ્રારંભ થયો છે. ત્યારથી ગરીબ ઘરના મા-બાપ પણ બાળકને સ્કૂલે મોકલતા થયા છે.

ખ્રિસ્તીઓ એ પણ આ વિસ્તારમાં શિક્ષણનું પ્રમાણ વધારવામાં ભાગ ભજવ્યો છે તેઓ બાળકોને મફત રહેવાની-જમવાની વ્યવસ્થા કરતા જેથી ગરીબ માં-બાપ બાળકોને મિશન મોકલી આપે છે.

વર્તમાન સમયમાં શિક્ષણમાં ઘણો સુધારો થયો છે. મોટુ ગામ હોય તો પ્રા.શાળા અને નાના ગામ હોય તો બે ગામ વચ્ચે એક પ્રા.શાળા બંધાય છે. ચાર, પાંચગામ વચ્ચે માધ્યમિક શાળાઓ હવે ખોલવામાં આવી છે. ઉત્તર બુનિયાદી શાળાઓનું પ્રમાણ પણ સારૂ એવું થતા દિવસે-દિવસે શિક્ષણનુ પ્રમાણ વધતુ ગયુ છે.

શિક્ષણના લીધે યુવક-યુવતી નોકરી કરી લગ્ન કરવાનું પસંદ કરે છે. નોકરી કરતો પુરૂષ નોકરી કરતી યુવતીને પ્રથમ પસંદગી આપે છે આ સમાજમાં પી.ટી.સી. કરેલ યુવતીને વધારે મહત્વ અપાય છે.

શિક્ષણના લીધે લોકોમાં અંધશ્રદ્ધા ઘટવા લાગી છે. તેઓ બીમાર પડે તો દવાખાનાનો ઉપયોગ કરતા થયા છે. કુટુંબ નિયોજનની વિધિ પદ્ધતિનો ઉપયોગ કરતા થયા છે. જેથી હવેતો આ સમાજમાં પણ બેથી વધારા બાળકો જોવા મળતા નથી. આ સમાજમાં પુત્ર-પુત્રી ને સમાન ગણે છે. સ્ત્રીભૃણ હત્યાનું પ્રમાણ નહિવત જોવા મળે છે.

**આદિવાસી માટે કલ્યાણ યોજનાઓ :**

આદિવાસી કન્યાના લગ્ન થઇ ગયા પછી સરકાર તરફથી રૂ. ૫૦૦૦/- સહાય કરવામાં આવે છે. જે છોકરીને રૂ. ૨૦૦૦/- રોકડા મળે છે. અને રૂ. ૩૦૦૦/- ની એફ.ડી. પાંચ વર્ષ માટે છોકરીના નામ પર કરવામાં આવે છે.

આદિવાસી બાળકો ભણી શકે તે માટે અનેક કલ્યાણકારી યોજનાઓ ઘડવામાં આવી છે. જેવી કે બાળકોની શિક્ષણ ફી માફી, પહેરવેશ, પુસ્તકો, શિષ્યવૃત્તિ, છાત્રાલયમાં રહેવા-જમવાની સગવડ અપાય છે.

વિદ્યા સાધના યોજના હેઠળ ધો-૮ માં અભ્યાસ કરતી આદિવાસી કન્યાઓને સંકલ ભેટ આપવાની યોજના, સરસ્વતી સાધના યોજના હેઠળ અનુસુચિત જનજાતિના ધો-૮ માં અભ્યાસ કરતા વિધ્યાથીને સંકલ ભેટ આપવાની યોજના. આ ઉપરાંત ઉચ્ચ અભ્યાસ માટે સરકાર તરફથી સ્કોલરશિપ સહાય પૂરી પડે છે. આ ઉપરાંત આરોગ્ય, ગૃહ નિર્માણ અને અન્ય યોજનાઓ દ્વારા આદિવાસી લોકોમાં સર્વાંગી વિકાસ માટે જુદી-જુદી પંચવર્ષીય યોજનામાં લક્ષ્યાંકો નક્કી કરવામાં આવ્યા છે.

આ ઉપરાંત સ્વૈચ્છીક સંસ્થાઓનો ફાળો પણ અનેરો છે. આદિમ જતી સેવક સંઘ, રામકૃષ્ણ મિશન, કેન્દ્રિય સમાજ કલ્યાણ બોર્ડ, ગુજરાતમાં ભીલ સેવા મંડળ જેવી અનેક સ્વૈચ્છિક સંસ્થાઓ રાજ્યમાં આદિવાસી વિસ્તારોમાં કામ કરે છે.

**સૂચનો :**

જેમ ઉચ્ચ વર્ગમાં જ્ઞાતિ મંડળો રચાય છે અને સમાજ કલ્યાણ માટે પ્રયત્ન થાય છે. એવી રીતે આ સમાજમાં કરવું જોઈએ.

આદિવાસી વિસ્તારની શાળામાં પ્રાથમિક શિક્ષણ સાથે વ્યવસાયલક્ષી શિક્ષણ આપવું જોઈએ. (જેમકે ખેતી કાર્ય, પશુ-પાલન, મત્સ્ય પાલન વગેરે બાબતે)

આદિવાસીઓમાં ધર્મ પરિવર્તન કરતા હોય અને ધર્મ નો પ્રચાર પ્રસાર કરતા હોય તેવા શિક્ષણ કાર્યો નો અંત લાવવો જોઈએ.

શિક્ષિત વર્ગ અને સ્વૈચ્છિક સંગઠનોએ ભેગા મળીને આ દિશામાં ધ્યાન કેન્દ્રિત કરવાની ખાસ જરૂર છે.

આદિવાસીઓમાં મધપાનનું પ્રમાણ ઘણું જોવા મળે છે. એ બંધ કરવા માટે સરકારે પગલાં લેવા જોઈએ.

આદિવાસી વિસ્તારમાં કેટલીક કલ્યાણ પ્રવૃત્તિનો લાભ તેમના સુધી પહોંચતો જ નથી. જે સરકાર દ્વારા તપાસ કરાવી જોઈએ.

**સંદર્ભ :**


| | | | |
|---|---|---|---|
| (૧) | માનવ શાસ્ત્ર | : | ડૉ. હર્ષિદા દવે.<br>યુનિ. ગ્રંથ નિર્માણ બોર્ડ,<br>ગુજરાત રાજ્ય |
| (૨) | ગુજરાતી કોલધા જન જતી | : | ઝવેરચંદ સી. પટેલ |
| (૩) | ગ્રામિત જાતી<br>અને સાંસ્કૃતિક અધ્યયન | : | ડૉ. દક્ષા વ્યાસ.<br>ડો. નવીન મોદી. |